**આંક : ૨૮**

**શ્રી એમ.એસ.સોની, પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, સુરત સમક્ષ**
**રેફરન્સ (ટી) નં. ૩૦/૨૦૧૬**

**પ્રથમ પક્ષકાર** : એ.બી.જી.શીપયાર્ડ લીમીટેડ,
મગદલ્લા પોર્ટ લીમીટેડ,
ઠે. મગદલ્લા પોર્ટ પાસે, ડુમસ રોડ,
સુરત.

**વિરુધ્ધ**

**બીજા પક્ષકાર**: કલ્લા રંગા રાવ,
રહે. ફ્લેટ નં.૨૦૪, બી–બ્લોક, સુર્યમંજરી એપાર્ટમેન્ટ,
સોમનાથ મહાદેવ મંદિર સ્ટ્રીટ, સંજય સોસાયટી,
પાર્લે પોઈન્ટ, સુરત.

પ્રથમ પક્ષકાર તરફે – વિ.વકીલશ્રી એમ.બી.ખાખરીયા(છુટા થયેલ)
બીજા પક્ષકાર તરફે – વિ.વકીલશ્રી દિનેશભાઈ પાટીલ.

**:: એવોર્ડ ::**

**(૧)** હાલનો રેફરન્સ મદદનીશ મજુર કમિશ્નરશ્રી, સુરતનાઓએ તેમની કચેરીનાં તા.૨૩–૧૧–૨૦૧૫ નાં હુકમ નં. કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૩૯૯/૧૫ થી ધી આઈ. ડી. એકટ ૧૯૪૭ ની કલમ–૧૦(૧ )ની જોગવાઈ અન્વયે ઉપસ્થિત કરી અનુસૂચિમાં જણાવ્યા મુજબની ઔદ્યોગિક તકરારનો ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કરવા સારુ અત્રે સુપ્રત કરેલ છે.

**અનુસૂચિ**

"કલ્લા રંગા રાવને તેમના પડેલા દિવસોના પગાર
સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?"

**(૨)** સદર રેફરન્સ કોર્ટના હવાલે આવતા બીજા પક્ષકારને તેમનું માંગણાનું નિવેદન રજુ કરવાની ધોરણસરની નોટીસ કરતાં જે બજી જતાં બીજા પક્ષકાર આંક–૪ થી વકિલ મારફત હાજર થઈને આંક–૩ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ છે તેની ટુંકમાં હકીકત જોઈએ તો, બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયમી કામદાર તરીકે ઓર્ગેનિક સીનીયર ટિગ વેલ્ડરના હોદ્દા પર તા.૨૩–૧૧–૯૬ થી ફરજ બજાવતા હતા. બીજા પક્ષકારનો માસિક છેલ્લો પગાર રુા.૨૯,૮૮૫/– હતો. પ્રથમ પક્ષકાર સંસ્થામાં લગભગ ૧૦૦૦ થી વધુ કામદારો કામ કરતા હતા. સંસ્થાએ છેલ્લા એકાદ વર્ષથી કામદારોને સ્વેચ્છીક રીતે રાજીનામુ લખી આપવા દબાણ કરવાનુ શરુ કરેલ અને તે માટે કામદારોને પગારની ચુકવણી સમયસર ન કરવી, આર્થિક ભીંસમાં મુકાય, હેરાન થાય, રજાઓ પાસ ન કરવી અને રાજીનામુ ન આપીએ તો કોઈપણ રીતે છુટા કરી દેશે અને નોકરીનો રેકર્ડ ખરાબ કરી નોકરી ન મળે તેવી હાલત કરશે તેમ મેનેજમેન્ટ ધમકાવતા હતા. કંપનીનુ રેકર્ડ જોતાં છેલ્લા બે વર્ષમાં કામ હોવા છતા કામ ન આપી કેટલાય કામદારોએ રાજીનામા લખાવી લીધેલ છે. બીજા પક્ષકાર તેમની ધમકી કે દબાણને વશ ન થતા તા.૧૬–૮–૧૪ના રોજ કંપનીની નોકરીમાંથી મુકત કરવા અંગેનો પત્ર લખી નોકરીમાં

ચાલુ રાખેલ અને મજકુર પત્ર બાદ પણ કામકાજ કરાવી રાજીનામુ લખી આપવા દબાણ ચાલુ રાખેલ. બીજા પક્ષકારે રાજીનામુ લખી આપવાની ના પાડતા તા.૪–૧૨–૧૪ ના રોજ ખોટા કારણો બતાવી તા.૨૦–૯–૧૪ ના રોજ રીલીવ કરેલ તેવો પત્ર લખી ફરજ પર લેવાનુ ના પાડેલ. પ્રથમ પક્ષકારે જુન માસથી અન્ય કામદારોની જેમ સ્વેચ્છીક રાજીનામુ લખી આપવા દબાણ શરુ કરેલ તે જુન.૧૪ થી સપ્ટે.૧૪ માસમાં ફરજો પુરેપુરી બજાવ્યા છતાં જુન.૧૪ થી કામ કર્યાના દિવસોનો પગાર ગેરકાયદેસર અટકાવી રાખી મજુર કાયદાઓનુ પાલન કર્યા સિવાય આ ગેરકાયદેસરનો હુકમ કરેલ છે તે નલ એન્ડ વોઈડ હોય રદ થવાને પાત્ર છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ આઈ.ડી.એકટની કલમ ૨૫(ઓ) ની જોગવાઈ મુજબ સરકારશ્રીની પુર્વ પરવાનગી વગર રીટ્રેન્ચ કરી શકાય નહી એટલુ જ નહી જો પ્રથમ પક્ષકાર કામદારોને કામકાજ નથી તેમ જણાવી છુટા કરવા ધારે તો રીટ્રેન્ચ માટેની ફરજીયાત જોગવાઈ આઈ.ડી.એકટની કલમ ૨૫એફએફ મુજબ ફરજીયાત પાલન કરવાની જોગવાઈનુ પણ પાલન કરેલ નથી.

પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને જુન થી સપ્ટેમ્બર સુધીનો બાકી પગાર તથા છટણી વળતર, બાકી હકક રજાઓ, બોનસ કે અન્ય હકો અને લાભોના નાણા ચુકવ્યા વગર છુટા કરેલ હોય જે કુટુંબનુ આર્થિક મોત સમાનનો નિર્ણય છે. પ્રથમ પક્ષકાર સંસ્થા આજે ચાલે છે. કોન્ટ્રાકટ કામદારો ધ્વારા કામ લેવામાં આવે છે. બીજા પક્ષકાર પાસે આવક કે રોજગારીનુ સાધન નથી. હાલ નોકરી શોધવા છતાં મળતી નથી. નોકરી વગર ભાવી અંધકારમય છે. પ્રથમ પક્ષકાર આજે પણ તાત્કાલીક નોકરીમાં રાખી પડેલા દિવસોનો વિવાદ બાકી રાખી ફરજ બજાવવા દેવામાં આવે તો ફરજો બજાવવા રાજી છે. આમ,પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તા.૪–૧૨–૧૪ના પત્રથી તા.૨૦–૯–૧૪ના રોજથી છુટા કરેલ છે તે ગેરકાયદેસર, ગેરવ્યાજબી, મનસ્વી, એકતરફી હોય રદ થવાને પાત્ર હોવાની જાહેર કરી બીજા પક્ષકારને પડેલા દિવસોનો પગાર સહ અસલ જગ્યાએ આનુસાંગિક લાભો સહીત પુનઃસ્થાપિત કરે તેવો હુકમ ફરમાવવા તથા ખર્ચ અપાવવા દાદ માંગેલ છે.

(૩) સદર કામે પ્રથમ પક્ષકારને ધોરણસરની નોટીસ કાઢતા જે પ્રથમ પક્ષકાર સંસ્થાને બજી જતાં આંક–૬ થી વકિલ મારફત હાજર થઈ બીજા પક્ષકારના માંગણાના નિવેદન વિરુધ્ધ પ્રથમ પક્ષકારે આંક–૯ થી જવાબ રજુ કરી જણાવેલ કે, બીજા પક્ષકારના રેફરન્સની હકીકત ખરી અને કબુલ નથી તેમના રેફરન્સના તમામ કથનો ખોટા, ઉપજાવી કાઢેલ અને સમન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધના હોય તેનો ઈન્કાર કરવામાં આવે છે. હકીકતમાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૨૩–૧૧–૯૬ થી ટ્રેની આસીસ્ટન્ટ તરીકે રાખેલા ત્યારબાદ તેમને કાયમી કરવામાં આવેલા. સને ૨૦૧૨ થી સંસ્થાની આર્થિક પરિસ્થિતિ ખરાબ છે અને સંસ્થા પાસે કામ ન હોય સંસ્થા સતત ખોટ કરતી થયેલ. સંસ્થાએ લીધેલ વિવિધ બેંકલોનના નાણા તેમજ હપ્તાના નાણા વધી જતાં સંસ્થા પર આર્થિક ભારણ વધી ગયેલ. નવા કોઈ ઓર્ડર ન મળતા સંસ્થામાં કામ કરતાં કામદારો કામ ન હોવાથી સ્વેચ્છાએ ફુલ એન્ડ ફાયનલ સમાધાન કરી હકના નાણા લઈ સ્વેચ્છિક રાજીનામા આપી અન્ય જગ્યાએ નોકરીએ લાગી ગયેલા. સંસ્થા પાસે કામકાજ ન હોય તેમજ વિવિધ બેંકોના લોન અને વ્યાજનો બોજો વધી જતાં તમામ આર્થિક વ્યવહારો બધી બેંકોએ મળી માસ્ટર રીસ્ટ્રકચરીગ એગ્રીમેન્ટ કરી આઈસીઆઈસીઆઈ

બેંક લી.ને મોનીટરીગની જવાબદારી આપેલ છે જે મુજબ સંસ્થાના નાણાકીય વ્યવહારો, કામદારોના પગાર અને કોઈપણ નાણાકીય વ્યવહારો પણ સંપુર્ણપણે આઈસીઆઈસીઆઈ બેંક લી.નો કંટ્રોલ છે. સંસ્થા જે શીપ અને રીપેરીગનુ કામ કરે છે તેવુ હાલ પ્રવર્તમાન સ્થિતિના કારણે ર૦૧૩–૧૪થી કોઈપણ પ્રકારના કામના ઓર્ડર ન હોય સંસ્થા પર મોટુ આર્થિક ભારણ હોય તે વધે નહી તે હેતુથી કામદારોને તેમના હકના નાણા લઈ અન્ય જગ્યાએ સારી નોકરી શોધી લેવા સંસ્થાએ જણાવેલ. બીજા પક્ષકારને તા.૧૫–૫–૧૪ ના રોજ તા.૧૪–૬–૧૪ના રોજથી એક માસ અગાઉથી જાણ કરી ફુલ એન્ડ ફાયનલ હિસાબ લઈ નોકરીમાંથી છુટા કરવાનો પત્ર લખેલ અને બીજા પક્ષકારે વિનંતી કરતા તા.૩૧–૭–૧૪ ના રોજથી નોકરીનો અંત આવે તે રીતે તેમને આપવામાં આવેલ પત્રમાં સુધારો કરી આપેલ જે કામદારની મૌખિક વિનંતીને ઘ્યાને રાખી તેમજ તેઓને પુરતો સમય મળી રહે તે ઘ્યાને રાખી નિર્ણય કરેલ તેમ છતાં બીજા પક્ષકારે તેમનો હિસાબ, હક હિસ્સાના નાણા મેળવી લીધેલ નહી. ત્યારબાદ સંસ્થાએ ફરી તા.૧૬–૪–૧૪ ના રોજ પત્ર લખી તા.ર૦–૯–૧૪ના રોજ નોકરી સમાપ્ત કરતો પત્ર લખેલ ત્યારબાદ કામદાર નોકરી પર આવેલ નથી પરંતુ સંસ્થા સાથે ખોટા પત્રવ્યવહારો ચાલુ રાખેલ. પત્રના જવાબ સંસ્થાએ આપેલ અને બીજા પક્ષકારને હિસાબના નાણા મેળવી લેવા અને ફુલ એન્ડ ફાયનલ સમાધાન કરી જવા જણાવેલ પરંતુ કામદાર તેમના નાણા લેવા આવેલ નથી. સંસ્થામાં ર૦૧૪ માં ૩૫૩ જેટલા કામદારો કામ કરતા હતા જેમાંથી ઘણા કામદારો સ્વૈચ્છાએ તેઓના હિસાબ લઈ નોકરી છોડી ગયેલ છે અને ૧૦૦૦ થી વધુ કામદારો હોવાની વાત ખરી નથી. સંસ્થા પાસે કામ ન હોય કોન્ટ્રાકટર પાસે કામ લેવાનો પ્રશ્ન જ નથી. બીજા પક્ષકાર અન્ય જગ્યાએ નોકરી કરતા હોવા છતા બેકાર હોવાના ખોટા બહાના બનાવેલ છે. સંસ્થાની ઉત્પાદન પ્રક્રિયા બંધ હોય કામદારે જેટલા વર્ષ નોકરી કરી તેટલા વર્ષના કાયદેસરના હિસાબના નાણા આજે પણ ચુકવવા તૈયાર છે. પરંતુ કામદારને કામ આપી શકે તેવી સ્થિતિ ન હોવાનુ કામદારો જાણતા હોવા છતાં ખોટો કેસ કરી વધુ નાણા પડાવવા રેફરન્સ કરેલ હોવાનુ સ્પષ્ટ સાબીત થતુ હોય બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા નમ્ર અરજ વિનંતી છે.

(૪) હાલના કામે પક્ષકારો તરફે નીચે મુજબના દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**બીજા પક્ષકાર તરફે મૌખિક પુરાવો :–**

| | | |
|---|---|---|
| ૧ | બીજા પક્ષકાર કલ્લા રંગા રાવની જુબાનીની એફીડેવીટ. | આંક–૧ર |
| ર | બીજા પક્ષકાર તરફે પુરાવા બંધની પુરસીશ. | આંક–ર૪ |

**બીજા પક્ષકાર તરફે દસ્તાવેજી પુરાવો :–**

| | | |
|---|---|---|
| ૧ | સંસ્થાએ ફુલ એન્ડ ફાયનલ એકાઉન્ટ સેટલ કરવા તા.૧૫–ર–૧૫ વાળા પત્રની અસલ | આંક–૧૪ |
| ર | સંસ્થાએ બીજા પક્ષકારને આપેલ પત્ર અસલ તા.૪–૧ર–૧૪ | આંક–૧૫ |
| ૩ | બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થાને મોકલાવેલ પત્ર | આંક–૧૬ |
| ૪ | અ.નં.૩નો પત્ર સંસ્થાને મળ્યાની એકનોલેજમેન્ટ રસીદ | આંક–૧૭ |
| ૫ | બીજા પક્ષકારે સંસ્થાને જુલાઈ.૧૪ થી સપ્ટે.૧૪નો રોકી રાખેલ પગાર ચુકવવા લખેલ પત્ર | આંક–૧૮ |
| ૬ | બીજા પક્ષકારે સંસ્થાના અધિકારીને અ.નં.૫ની ફરીયાદ સંસ્થાના અધિકારીને મોકલેલ તે સંસ્થાને મળ્યાને એકનોલેજમેન્ટ અસલ | આંક–૧૯ |

પ્રથમ પક્ષકાર તરફે મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

**(૫)** સદર કામ બીજા પક્ષકારના પુરાવા પર પુરાવો રજુ કરવા બીજા પક્ષકારને પુરતો સમય આપવા છતાં બીજા પક્ષકાર તરફે પુરાવો રજુ થયેલ ન હોય પ્રથમ પક્ષકારની આંક–૧૦ની અરજી નીચે હુકમ કરી બીજા પક્ષકારનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. સદર કામે બીજા પક્ષકારનો પુરાવો રજુ કરવાનો હક બંધ થયેલ હોય જે ખુલ્લો કરવા બીજા પક્ષકાર તરફે આંક–૧૧ થી અરજી આપતા નામદાર કોર્ટે બીજા પક્ષકારનો પુરાવો રજુ કરવાનો હક રીઓપન કરતા આંક–૧૨ થી બીજા પક્ષકાર તરફે જુબાનીની એફીડેવીટ રજુ કરેલ છે.

સદર કામે આંક–૨૦ થી પ્રથમ પક્ષકારના વિ.વકીલશ્રી સદર કામમાંથી છુટા થતા તેઓએ પ્રથમ પક્ષકારને સદર કામમાંથી છુટા થવા પત્ર લખેલ તે, રજી.એ.ડી.ની પોસ્ટની સફેદ પાવતી અને પત્ર મળ્યા બદલ ટ્રેક રીપોર્ટ રજુ કરેલ છે.

સદર કામે બીજા પક્ષકારની રજુ થયેલ જુબાનીની એફીડેવીટ પ્રથમ પક્ષકારની ઉલટતપાસ માટે હોય આંક–૨૧ થી નામદાર કોર્ટે પ્રથમ પક્ષકારને નોટીસ કરેલ જે બજી ગયેલ હોવા છતાં પ્રથમ પક્ષકાર સંસ્થા હાજર થયેલા નથી કે હાજર થઈ બીજા પક્ષકારની ઉલટતપાસ કરેલ નથી જેથી બીજા પક્ષકારની ઉલટતપાસ કરવાનો પ્રથમ પક્ષકારનો હક આંક–૨૨ થી બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ બીજા પક્ષકાર તરફે હાજર થઈ આંક–૨૪ થી વધુ પુરાવો રજુ કરવા માગતા ન હોવાનુ પુરસીશ રજુ કરી જાહેર કરેલ છે. ત્યારબાદ સદર કામ પ્રથમ પક્ષકારના પુરાવા માટે હોય પ્રથમ પક્ષકારે હાજર થઈ પુરાવો રજુ કરેલ ન હોય આંક–૨૫ થી પ્રથમ પક્ષકારનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ બીજા પક્ષકાર તરફે તેમના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી જયારે પ્રથમ પક્ષકાર તરફે દલીલો માટે કોઈ હાજર ન હોય આંક–૨૬ થી પ્રથમ પક્ષકારનો દલીલ રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે તથા કામ હુકમ પર લેવામાં આવેલ છે.

**(૬)** બીજા પક્ષકાર તરફે રજુ થયેલ માંગણાનું નિવેદન, પ્રથમ પક્ષકારનો લેખીત જવાબ તથા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાના આધારે આ રેફરન્સના ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું બીજા પક્ષકારને તા.૨૦–૯–૨૦૧૪ થી નોકરીમાંથી છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું કૃત્ય ગેરકાયદેસર છે ?

(૨) શું બીજા પક્ષકાર પડેલા દિવસોના પગાર સાથે પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકદાર છે ?

(૩) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**–: નિર્ણયો :–**

(૧) હકારમાં

(૨) અંશતઃ હકારમાં

(૩) આખરી હુકમ મુજબ

**–: કારણો :–**

**<u>મુદ્દા નં :૧</u>**

**(૭)** બીજા પક્ષકાર તરફે તેમના વકીલશ્રીની રજુઆત છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૨૩–૧૧–૯૬ થી ઔગેનિક સીનીયર ટિગ વેલ્ડરની નોકરીથી ફરજ બજાવતા આવેલા અને પ્રથમ પક્ષકાર તેમને માસિક પગાર રુા.૨૯,૮૮૫/– ચુકવતા હતા જેથી પ્રથમ પક્ષકાર સાથે તેમનો કામદાર–માલીકનો સંબંધ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને વગર નોટીસ આપી ખાતાકીય તપાસ કર્યા વગર મનસ્વી નિર્ણય લઈ મૌખિક રીતે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે નોકરીમાંથી છુટા કરેલા. બીજા પક્ષકારે રજુ કરેલા દસ્તાવેજી પુરાવા નિ.૧૩/૧ થી નિ.૧૩/૬ ઘ્યાને લેતાં તેઓ પ્રથમ પક્ષકારના કામદાર હોવા અંગેના દસ્તાવેજી પુરાવા છે તે ઘ્યાને લેતાં બીજા પક્ષકાર, પ્રથમ પક્ષકારના કામદાર હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે અને તે તમામ હકીકત તેઓએ તેમના સરતપાસના સોગંદનામામાં આંક–૧૨ થી રજુ થયેલ છે તેમાં જણાવેલ છે. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારના માંગણાના નિવેદનની નકલ મળતા બચાવ રજુ કરી સંસ્થાની આર્થિક પરિસ્થિતિ ખરાબ હોય અને સંસ્થા પાસે કામ ન હોય સંસ્થા સતત ખોટ કરતી હોય લીધેલ વિવિધ બેંકલોનના નાણા તેમજ હપ્તાના નાણા વધી જતાં આર્થિક ભારણ વધી ગયેલ. સંસ્થા પાસે કામકાજ ન હોય તેમજ વિવિધ બેંકોના લોન અને વ્યાજનો બોજો વધી જતાં તમામ આર્થિક વ્યવહારો બધી બેંકોએ મળી માસ્ટર રીસ્ટ્રકચરીંગ એગ્રીમેન્ટ કરી આઈસીઆઈસીઆઈ બેંક લી.ને મોનીટરીંગની જવાબદારી આપેલ અને સંસ્થાના નાણાકીય વ્યવહારો, કામદારોના પગાર અને કોઈપણ નાણાકીય વ્યવહારો પણ સંપુર્ણપણે આઈસીઆઈસીઆઈ બેંક લી.નો કંટ્રોલ હતો. સંસ્થા જે શીપ અને રીપેરીંગનુ કામ કરે છે તેવુ હાલ પ્રવર્તમાન સ્થિતિના કારણે ૨૦૧૩–૧૪થી કોઈપણ પ્રકારના કામના ઓર્ડર ન હોય સંસ્થા પર મોટુ આર્થિક ભારણ હોય તે વધે નહી તે હેતુથી કામદારોને તેમના હકના નાણા લઈ અન્ય જગ્યાએ સારી નોકરી શોધી લેવા સંસ્થાએ જણાવેલ. બીજા પક્ષકારને એક માસ અગાઉથી જાણ કરી ફુલ એન્ડ ફાયનલ હિસાબ લઈ નોકરીમાંથી છુટા કરવાનો પત્ર લખેલ પરંતુ બીજા પક્ષકારની મૌખિક વિનંતીને ઘ્યાને રાખી તેમજ તેઓને પુરતો સમય મળી રહે તે ઘ્યાને રાખી નિર્ણય કરેલ તેમ છતાં બીજા પક્ષકારે તેમનો હિસાબ, હકહિસ્સાના નાણા મેળવેલ નહી. ત્યારબાદ સંસ્થાએ ફરીથી પત્ર લખી તા.૨૦–૯–૧૪ ના રોજ નોકરી સમાપ્ત કરતો પત્ર લખેલ પરંતુ સંસ્થા સાથે ખોટા પત્રવ્યવહારો ચાલુ રાખેલ. બીજા પક્ષકારને હિસાબના નાણા મેળવી લેવા અને ફુલ એન્ડ ફાયનલ સમાધાન કરી જવા જણાવેલ પરંતુ કામદાર તેમન નાણા લેવા આવેલ નથી. સંસ્થાની ઉત્પાદન પ્રક્રિયા બંધ હોય કામદારે જેટલા વર્ષ નોકરી કરી તેટલા વર્ષના કાયદેસરના હિસાબના નાણા આજે પણ ચુકવવા તૈયાર છે પરંતુ કામદારને કામ આપી શકે તેવી સ્થિતિ ન હોવાનુ કામદારો જાણતા હોવા છતાં ખોટો કેસ કરી વધુ નાણા પડાવવા રેફરન્સ કરેલ હોવાનુ સ્પષ્ટ સાબીત થતુ હોય બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા જવાબમાં અરજ કરેલ. ત્યારબાદ બીજા પક્ષકારની સોગંદ ઉપરની જુબાની

રજુ થયા બાદ તેમની ઉલટતપાસ માટે પ્રથમ પક્ષકાર હાજર થયેલા ન હોય વિરુઘ્ધની હકીકત પ્રથમ પક્ષકાર રેકર્ડ ઉપર લાવી શકેલ નહી. પ્રથમ પક્ષકાર તરફે મૌખિક કે દસ્તાવેજી પુરાવા પણ રજુ કરવામાં આવેલ નથી તેવા સંજોગોમાં બીજા પક્ષકારે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ હકીકતને ન માનવાને કોઈ કારણ નથી તથા જે હકીકત જણાવેલ છે તેના સમર્થનમાં દસ્તાવેજી પુરાવાઓ પણ રજુ કરેલ છે. આમ, બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકાર વચ્ચે કામદાર–માલીકના સંબંધો હોય તેઓએ પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસથી વધુ દિવસ ફરજ બજાવેલ હોય તેનાથી વિરુઘ્ધની હકીકત તથા તેઓના જે બાકી નીકળતા તેમના હકના નાણાની માંગણી કરેલ છે તેવા કોઈ નાણા મેળવવા હકદાર નથી તે અંગે પ્રથમ પક્ષકારે કોઈ હકીકત જણાવી તે અંગેના પુરાવા રજુ કરેલ નથી. તેવા સંજોગોમાં બીજા પક્ષકારને તા.૨૦–૯–૧૪ ના રોજ નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કરેલ હોય તે સમયે તેને કોઈ નોટીસ આપેલ હોય, નોટીસપગાર આપેલ હોય, છટણી વળતર ચુકવેલ હોય કે તેમની સામે કોઈ ખાતાકીય તપાસ કરવામાં આવેલ હોય તેવા કોઈ પુરાવા પણ પ્રથમ પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ નથી. આમ, પ્રથમ પક્ષકારનાએ બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કરેલ કૃત્ય ગેરકાયદેસર હોય, બીજા પક્ષકારે પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત થવા દાદ માંગેલ છે. જયારે પ્રથમ પક્ષકારે હાજર થઈ જવાબ રજુ કરેલ છે. ત્યારબાદ હાલના કામે બીજા પક્ષકાર તરફે આંક–૧૨ થી પોતાના માંગણાના નિવેદનના કથનને સમર્થનરુપ સોગંદ ઉપરનો પુરાવો રજુ કરેલ છે. પરંતુ પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારની ઉલટતપાસ કરવા હાજર રહેતા ન હોઈ, પ્રથમ પક્ષકારનો ઉલટતપાસ કરવાનો હક બંધ કરવામાં આવેલ. તેમ છતાં પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી હાજર થઈ બીજા પક્ષકારના પુરાવા વિરુઘ્ધ કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, પ્રથમ પક્ષકાર સંસ્થા જાણીજોઈને કોઈ અગમ્ય કારણોસર અત્રેની અદાલતમાં હાજર થયેલ નથી કે હાજર થવાનું ટાળેલ છે. તેમજ બીજા પક્ષકાર કામદારના કોઈ કથનને પડકારેલ નથી. પરંતુ પ્રથમ પક્ષકારે, બીજા પક્ષકાર કામદારની કોઈ રજુઆત ઘ્યાને લીધેલ નથી અને કોઈપણ જાતની કાનુની કાર્યવાહી વિના ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫(એફ)ની જોગવાઈનું પાલન કર્યા વગર એકતરફી અને અન્યાયી રીતે તા.૨૦–૯–૧૪ ના રોજથી છુટા કરેલ. હાલના કામે એ હકીકત સ્પષ્ટ છે કે, આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે વિઘ્વાન વકીલશ્રી હાજર થયેલા પરંતુ તેમના વિ.વકીલશ્રી સદર કામમાંથી છુટા થયેલા હોવાથી સંસ્થા સામે વિરુઘ્ધના અનુમાનથી નિર્ણય લેવામાં આવેલ છે. હાલના કામે પ્રથમ પક્ષકાર સંસ્થાને અદાલતે નોટીસ બજવણી માટે મોકલાવેલ તેમ છતાં પણ સંસ્થા હાજર થયેલ નથી. આમ, પ્રથમ પક્ષકાર સંસ્થા પોતે ખુબ જ બેદરકાર અને નિષ્ક્રીય રહેલ છે અને અદાલતની નોટીસને પણ ઘ્યાને લીધેલ નથી. આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી તેઓએ કામકાજ બંધ કરેલ હોય તે બાબતે કોઈપણ વિગત રજુ કરવામાં આવેલ નથી. તેમજ તે અંગે કોઈ સરકારી કચેરીમાં જાણ કરેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી બીજા પક્ષકારના કથનોને ન માનવાને કોઈ કારણ નથી. આમ, પ્રથમ પક્ષકાર સંસ્થા અત્રેની અદાલતમાં હાજર થયેલ ન હોવાથી વિરુઘ્ધના અનુમાનથી પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને છુટા કરેલ છે તેવું કથન છે. સંસ્થા કે તેમના જવાબદારોએ હાજર થઈ કોઈ સ્પષ્ટતા કરેલ નથી કે સત્ય હકીકત રેકર્ડ ઉપર લાવવા પ્રયત્ન કરેલ નથી. આ કામે બીજા પક્ષકાર તરફે તેઓની દલીલના સમર્થનમાં

ચુકાદો જે,

(1)Punjab And Hariyana High Court 2019 LLR1209 in which it was held - A Industrial Disputes Act, 1947 – Section 25-F – Consequences of non-compliance – Services of the workman were disputed on account of unauthorised absence without issuance of charge sheet and conducting enquiry He raised an industrial dispute – Labour Court awarded reinstatement with back wages – Managment challenged the award in writ petition Held, since prior to dispensing with services of workman, mandatory provision of Section 25–F of the act have not been complied with, the action of management is illegal – Writ petition is dismissed. It was further held in para -D Retrenchment _ When illegal – If the management fails to prove the plea of abandonment, it will be a case of illegal retrenchment because compliance of provisions of Section 25-F of the Act would be absent. It was further held in para- 6 that, In the light of the position as noted above, the learned Tribunal held that the Management had failed to prove the plea of abandonment, therefore it was a case of illegal retrenchment because prior to dispensing with the services of workman mandatory provision of Section 25 (F) of the Industrial Dispute Act had not been complied with. Accordingly, the workman was held entitled to reinstatement with consequential relief, continuity in service and full back-wages w.e.f. the date of termination till reinstatement.

(2) In another Judgment of Himachal Pradesh High Court 2019 LLR1239 in which it was held – B. Back Wages – Scope of 0 Finding of the Labour Court that workmen have not proved that they were not gainfully employed during the period of litigation is misconceived and not sustainable – Pradhan of Union in evidence has categorically stated that workmen remained unemployed after termination. Such a version is not controverted by the Management – Even the Management has not brought on record that workmen were gainfully employed Hence workman are entitled to back-wages.

(3) In another Judgment of Gujarat High Court 2019 LLR 637 in which it was

held – When termination is in violation of Section 25-F of the Industrial Disputes Act, 1947, awarding reinstatement to the workmen is appropriate.

(4) In another Judgment of Hon'ble Supreme Court C.A.No.166 (NL) of 1983 in which it was held – Industrial Disputes Act, 1947 – Section 2 (oo) – Retrenchment – The word is comprehensive intended to cover any action of the management – Done to put an end the employment of any employee for whatsoever reason.

Further it was held that – Termination of Service – Absence from duty – Standing Order Cl.13(2)(iv) provides for automatics loss of lien – Service terminate – Without any enquiry and opportunity of hearing – Principles of natural justice violated –Requirement of Article 14 must be fulfilled before depriving one of livelihood – Order of termination liable to be set aside – Constitution of India 1950 – Articles 14 and 21.

It was held that, Section 25 –F prescribes mandatory procedure to be followed before the retrenchment becomes valid and legal and violation thereof visits with invalidation of the action with consequential results.

(5) In another Judgment of Hon'ble Supreme Court C.A.No.4146-4147 of 2001 in which it was held – Burden of proving that workman voluntarily left the services would fall on management who has failed to discharge the burden and as such the plea that the workman has taken his dues by executing a receipt to this effect would not been tenable when it has not been taken in the written statement as filed before the Labour Court besides that its original was not produced whereas the workman was not confronted with photo copy when he has appeared as a witness.

High Court has rightly awarded full back wages on reinstatement of the workman when the management has failed to establish that he was gainfully employed during the intervening period.

જે બીજા પક્ષકાર તરફથી રજુ ઉપરોકત ચુકાદાઓ હાથ ઉપરના કેસ સાથે સુશંગત જણાતા હોય બીજા પક્ષકારના કેસની હકીકતને મદદરૂપ છે. આ કામે ખરેખર સંસ્થા જો કામદારને કામે રાખવા માંગતી ન હોય તો

તેઓએ કલમ ૨૫(એફ) નું પાલન કરવું જોઈએ. જો સંસ્થા, કામદાર જાતે અને સ્વેચ્છાએ કામ છોડી ગયેલ હોય તેવો કોઈ બચાવ રાખતી હોય તો સંસ્થાએ કામદારને હાજર થવા નોટીસ આપવી જોઈએ. સંસ્થાએ હાજર થઈ જવાબ રજુ કરેલ છે પરંતુ પોતાનો કોઈ રેકર્ડ રજુ કરેલ નથી. આમ, સંસ્થાનું વર્તન, વલણ અને ઈરાદાપુર્વકની ગેરહાજરીના કારણે વિરુધ્ધના અનુમાનથી માનવામાં આવે છે કે, સંસ્થાએ કામદારને તા.૨૦–૯–૧૪ ના રોજ ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે તેવું ન્યાયના હિતમાં તારણ થાય છે. જેથી **મુદ્દા નં.૧** નો નિર્ણય **હકાર**માં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ :–</u>**

**(૮)** હાલના કામે કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૨૦–૯–૧૪ના રોજ ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે જે હકીકત યોગ્ય અને ન્યાયીક છે તે પુરવાર કરવા પ્રથમ પક્ષકાર હાજર થયેલ નથી કે તે અંગે કોઈ જ પુરાવો રજુ કરેલ નથી. પરંતુ કામદારની નોકરી અને પ્રથમ પક્ષકારની ઈરાદાપુર્વકની ગેરહાજરીના કારણે અને પુરાવાના અભાવના કારણે પુનઃસ્થાપિત કરવા જોઈએ તેવું ન્યાયના હિતમાં તારણ થાય છે. કામદારે છુટા કર્યા ત્યારથી આજદિન સુધી સંસ્થામાં કામ કરેલ નથી. હાલના કામદાર સામે કોઈ ગંભીર ગેરવર્તણુંકનો આક્ષેપ પણ નથી કે તેવા પ્રકારની કોઈ ગંભીર ગેરવર્તણુંક સામે કોઈ સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ નથી. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તા.૨૦–૯–૧૪ થી ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે તેવુ પુરવાર કરવામાં બીજા પક્ષકાર સફળ રહેલ છે પરંતુ બીજા પક્ષકાર પુનઃસ્થાપિત થવા હકદાર હોવા માત્રથી તેઓને પુરેપુરો બેકવેજીસ આપી દેવો જોઈએ તેવુ નથી. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને છુટા કર્યાને આશરે પાંચ વર્ષ જેટલો સમય થયેલ છે. બીજા પક્ષકારે તેમના સોગંદનામામાં તેઓને છુટા કર્યા ત્યારથી બેકાર છે અને નોકરીની શોધખોળ કરવા છતાં કોઈ નોકરી મળેલ નથી તથા પ્રથમ પક્ષકાર સંસ્થામાં બીજા પક્ષકાર જે કામ કરતા હતા તે કામ આજે પણ ચાલુ છે તેમ જણાવે છે પરંતુ બીજા પક્ષકારે અન્ય કોઈ જગ્યાએ નોકરી મેળવવા અરજી કરી છે કે કોઈ પ્રયત્ન કર્યા હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઉત્પાદન બંધ કરેલ હોય અને તે બાબતે કોઈ સરકારી કચેરીને જાણ કરેલ હોય તેવો પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી. આટલી કારમી મોંઘવારીમાં કોઈપણ વ્યકિત સદંતર બેકાર બેસી રહે તે હકીકત કોઈપણ રીતે માની શકાય તેમ નથી. કેસનું રેકર્ડ જોતા ન્યાયીક કાર્યવાહીમાં થયેલ વિલંબ માટે કેટલેક અંશે બીજા પક્ષકાર જવાબદાર હોવાનું જણાઈ આવે છે. તે સંજોગોમાં પડેલા દિવસોનો પુરા પગારનો બોજો સંસ્થા પર નાખવુ ન્યાયોચિત જણાતુ નથી. આ તમામ સંજોગો જોતા બીજા પક્ષકાર પડેલા દિવસોનો પુરેપુરો પગાર મેળવવા હકદાર થતા નથી પરંતુ હાલના કામે પ્રથમ પક્ષકારની ઈરાદાપુર્વકની ગેરહાજરી, સંજોગો, ૨૦–૯–૨૦૧૪ થી આજદિન સુધીનો સમય, પક્ષકારોનું કેસ પ્રત્યેનું વલણ વિગેરે ધ્યાને લ ેતાં તથા બીજા પક્ષકાર તરફે રજુ ના.વડી અદાલતના ચુકાદાઓ ધ્યાને લેતા જો ૫૦% પડેલા દિવસોના પગાર સાથે મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે તો બંને પક્ષે ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવું હું માનું છું જેથી **મુદ્દા નં.૨** નો નિર્ણય **અંશતઃ હકાર**માં આપી ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરું છું.

**:: હુકમ ::**

૧. બીજા પક્ષકારનો રેફરન્સ નં.૩૦/૨૦૧૬ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨. બીજા પક્ષકારને તા.૨૦–૦૯–૧૪ના રોજ નોકરીમાંથી છુટા કરવાનુ પ્રથમ પક્ષકાર સંસ્થાનું પગલું ગેરકાયદેસર હોવાનું આથી ઠરાવવામાં આવે છે અને પ્રથમ પક્ષકાર સંસ્થાને આદેશ કરવામાં આવે છે કે, આ હુકમ પ્રસિધ્ધ થયેથી દિન.૩૦ માં બીજા પક્ષકારને તેઓ અગાઉ જે કામગીરી કરતાં હતા તે મુળ જગ્યાએ ૫૦% પડેલા દિવસોના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા.

૩. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

Station :- Surat
Date :- 30-01-2020

(Manan Sudhirbhai Soni)
GJ-01262, Presiding Officer,
Labour Court, Surat